પેપર નં. ૪

૧. (અ) (A) નીચેની ખાલી જગ્યાઓ યોગ્ય શબ્દ વડે પૂરો. (૨)

૧. યુરોપને હોકાયંત્રનું જ્ઞાન આપનાર ..... હતો.

૨. અમેરિકન શિક્ષક ..... કોટન જીનની શોધ કરી.

(B) નીચેનાં જોડકાં સાચાં બનાવી તેના ઉપરથી સમયરેખા દોરો. (સ્કેલમાપ : ૧ સે.મી. = ૫ વર્ષ) (૩)

'અ'	'બ'
૧. ઈ.સ. ૧૯૩૧	૧. દ્વિતીય વિશ્વયુદ્ધનો અંત.
૨. ઈ.સ. ૧૯૩૯	૨. જાપાને મંચુરિયા જીત્યું.
૩. ઈ.સ. ૧૯૪૫	૩. ઇટાલીએ ઇથોપિયા જીત્યું.
	૪. જર્મનીએ રશિયા પર આક્રમણ કર્યું.

(બ) નીચેનાં વિધાનોનાં કોઈપણ ત્રણનાં ઐતિહાસિક કારણો આપો. (૬)

૧. ઇટાલી નવજાગૃતિની માતૃભૂમિ કહેવાય છે.

૨. અમેરિકાએ ૨૦ વર્ષ સુધી ચીનને રાજકીય માન્યતા ન આપી.

૩. વિશ્વમાં બિનજોડાણવાદી જૂથનો ઉદય થયો.

૪. દ્વિતીય વિશ્વયુદ્ધ પછી જગતમાં ઠંડા યુદ્ધની સ્થિતિ સર્જાઈ.

(ક) નીચેના વિધાનો સમજાવો. (ગમે તે બે) (૩)

૧. ખ્રિસ્તી ધર્મ યુરોપીય ધર્મ મટીને વિશ્વધર્મ બન્યો.

૨. હિટલરે વર્સેલ્સની સંધિને ''કાગળનું ચીંથરું'' કહીને ફગાવી દીધી.

૩. એશિયામાં સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટે જાગૃતિ આવી.

(ડ) નીચેના વિશે ટૂંકનોંધ લખો. (ગમે તે બે) (૬)

૧. ઔદ્યોગિક ક્રાંતિની સામાજિક અસરો.

૨. રશિયન ક્રાંતિમાં લેનિનનું પ્રદાન.

૩. રાષ્ટ્રસંઘની નિષ્ફળતાઓ.

૨. (અ) (A) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ આપો. (૬)

૧. યુરોપમાં ધર્મયુદ્ધોની ઝુંબેશ શા માટે શરૂ થઈ ?

૨. લિયોનાર્દો-દ-વિન્ચીની વિશ્વવિખ્યાત ચિત્રકૃતિઓ કઈ છે ?

૩. ફ્રાન્સમાં કયા રાજાના સમયમાં ક્રાંતિ થઈ ? શા માટે ?

૪. મહાકવિ ''વર્ડ્ઝવર્થે'' ફ્રેન્ચ ક્રાંતિને કયા શબ્દોથી બિરદાવી છે ?

૫. 'બોલ્શેવિક' અને 'મોન્સેવિક' એટલે શું ?

૬. 'એટલેન્ટિક ખતપત્ર' શું છે ?

(B) નીચેના શબ્દોની સંકલ્પના સમજાવો. (૨)

૧. નવજાગૃતિ. ૨. ધ પ્રેઇઝ ઓફ હોલી.

(બ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે ત્રણ) (૬)

૧. અમેરિકન સ્વાતંત્ર્ય વિગ્રહનાં તાત્કાલિક કારણો કયા હતાં ?

૨. માનવહક્કોના જાહેરનામામાં કઈ બાબતો સ્પષ્ટ કરવામાં આવી હતી ?

૩. ભારતમાં સામ્રાજ્યવાદનો ફેલાવો કઈ રીતે ઝડપથી થયો ?

૪. નાઝી પક્ષની મુખ્ય વિશેષતાઓ કઈ કઈ હતી ?

(ક) નીચેના કારણો આપો. (ગમે તે બે) (૩)

૧. ''યુનિસેફ'' સંસ્થા વિશ્વનાં આર્થિક પછાત રાષ્ટ્રો માટે આશીર્વાદરૂપ બની છે.

૨. ભારતે હંમેશાં સામ્રાજ્યવાદનો વિરોધ કર્યો છે.

૩. જંગલો કુદરતનાં ફેફસાં સમાન છે.

(ડ) ટૂંક નોંધ લખો. (ગમે તે એક) (૩)

૧. રંગભેદ નીતિ. ૨. ભારત-પાકિસ્તાન વચ્ચેના સંબંધો.

૩. (અ) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો. (ગમે તે ચાર) (૪)

૧. 'વિશ્વ એક કુટુંબ છે' એ ભાવના ક્યારે સાકાર થશે ?

૨. ભારતના સૂચનથી ઈ.સ. ૧૯૬૮ના વર્ષને કયા વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું ?

૩. ગાંધીજીએ વિશ્વશાંતિ માટે શું કહ્યું છે ?

૪. ભારત અને પાકિસ્તાન વચ્ચે કયા પ્રશ્ન પર ભારે તંગદિલી પ્રવર્તે છે ?

૫. વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ? શા માટે ?

(બ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે ત્રણ) (૬)

૧. માનવહક્કો સામે કઈ કઈ સમસ્યાઓ સર્જાઈ છે ?

૨. ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધો વિશે માહિતી આપો.

૩. પર્યાવરણની સમતુલા જાળવવા માટે કઈ બે બાબતો મહત્વની છે ?

૪. ''ગ્રીન હાઉસ ઈફેક્ટ'' અટકાવવાના ઉપાયો કયા કયા છે ?

(ક) નીચેના શબ્દોની સંકલ્પના સમજાવો. (ગમે તે પાંચ) (૫)

૧. હૂંડિયામણ. ૨. શરતી સહાય. ૩. વિકસિત દેશ.

૪. માર્શલ યોજના. ૫. હરિયાળી ક્રાંતિ. ૬. પ્રચ્છન્ન બેકારી.

(ડ) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ આપો. (ગમે તે પાંચ) (૫)

૧. ઈજારાનું દૂષણ એટલે શું ?

૨. હૂંડિયામણ બજાર એટલે શું ?

૩. ખાનગી વિદેશી રોકાણ એટલે શું ?

૪. આયોજન એટલે શું ?

૫. વિકાસશીલ દેશોને કઈ ત્રણ ખૂટતી કડીઓ વિદેશી સહાય પૂરી પાડે છે ?

૬. આવકની અસમાનતા માટે કયા પરિબળો જવાબદાર ગણી શકાય ?

૪. (અ) નીચેના વિધાનોના કારણો આપો. (ગમે તે ત્રણ) (૬)

૧. ઈડા (IDA) ભારત જેવા વિકાસશીલ દેશ માટે આશીર્વાદરૂપ છે.

૨. વિદેશી સહાય દેશની આંતરિક બચતની પૂર્તિ કરે છે.

૩. યોજનાનું મૂલ્યાંકન એ આયોજનનું અગત્યનું અંગ છે.

૪. ઊર્જાશક્તિનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો હિતાવહ છે.

(બ) (A) યોગ્ય શબ્દો વડે ખાલી જગ્યા પૂરો. (૨)

૧. ગુજરાતનું ..... બંદર મુક્ત વ્યાપાર ક્ષેત્ર જાહેર કરાયું છે.

૨. ભારતમાં આધુનિક પદ્ધતિના સંદેશાવ્યવહારની શરૂઆત ..... થી થઇ.

(B) ટૂંક નોંધ લખો. (ગમે તે એક) (૩)

૧. ભારતમાં પશુ સંવર્ધન કરવા માટે થઇ રહેલા પ્રયાસો.

૨. સંચાલનશક્તિમાં કોલસાનું મહત્વ.

(ક) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ આપો. (ગમે તે પાંચ) (૫)

૧. કૉફીના છોડને મોટા છાડની છાયામાં કેમ ઉગાડવામાં આવે છે ?

૨. બનીજ તેલમાંથી કઇ કઇ આડપેદાશો મળે છે ?

૩. બનીજોના મુખ્ય બે પ્રકારો કયા કયા છે ?

૪. ગુજરાતમાં તાપવિદ્યુતનાં જાણીતાં મથકો ક્યાં ક્યાં છે ?

૫. કેવા વિસ્તારોમાં હવાઇ વ્યવહાર જોખમી હોય છે ?

૬. ભારતમાં કયા રાજ્યમાં સાક્ષરતાનું પ્રમાણ સૌથી વધુ છે ? તે કેટલા ટકા છે ?

(ડ) નીચેના શબ્દોની સંકલ્પના સમજાવો. (ગમે તે ચાર) (૪)

૧. ઘાટ ૨. વાતાભિમુખ ૩. લગૂન સરોવર

૪. સીમા ૫. એસ.ટી.ડી.

૫. (અ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે ચાર) (૮)

૧. ભારતમાં કૃષિ ઉત્પાદન ઓછું હોવાનાં કારણો જણાવો.

૨. ચાના પાક માટે કયા અનુકૂળ સંજોગો જરૂરી છે ? તેનું નોંધપાત્ર ઉત્પાદન કરનારા ભારતનાં રાજ્યોના નામ જણાવો.

૩. લોખંડની કાચી ધાતુના પ્રકાર જણાવો.

૪. ભારતના પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગ વિશે માહિતી આપો.

૫. કુટિર ઉદ્યોગ એટલે શું ? તેની વિશેષતાઓ શી છે ?

(બ) નીચેના વિધાનોના ભૌગોલિક કારણો આપો. (ગમે તે પાંચ) (૮)

૧. શિયાળામાં રાજસ્થાન અને ગુજરાતમાં ઠંડીનું મોજું ફરી વળે છે.

૨. ભારતનો ખેડૂત પ્રારબ્ધવાદી બન્યો છે.

૩. દક્ષિણ ભારતમાં ચાને બદલે કૉફી પીવાનો રિવાજ વધુ પ્રચલિત છે.

૪. દક્ષિણ ભારતમાં શેરડીનું વાવેતર વધતું જાય છે.

૫. ભારતમાં ગરમ કાપડ ઉદ્યોગનું કેન્દ્રીકરણ પંજાબમાં વધુ થયું છે.

(ક) નીચેની વિગતો ભારતના રેખાંકિત નકશામાં પૂરો. (૪)

૧. મુંબઇથી દિલ્હી જતો રેલમાર્ગ અને તેના ઉપરના બે જંકશન.

૨. મહાનદી ૩. કૉફી પકવતો એક પ્રદેશ ૪. જેલાપલા ઘાટ

૫. મૈંગ્લોર ૬. નીલગીરી પર્વત ૭. ભરતીનાં જંગલો ૮. તાંબાની ખાણનો પ્રદેશ.

અથવા (ફક્ત અંધ ઉમેદવારો માટે)

(ક) નીચેના પ્રશ્નોના ઉત્તર એક એક શબ્દમાં લખો. (૪)

૧. સાંભર સરોવર કયા રાજ્યમાં આવેલું છે. ૨. કાપડ ઉદ્યોગના કોઇ એક પ્રદેશનું નામ લખો.

૨. અબરખના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં કયા સ્થાને છે ? ૪. સાબરમતી નદી કયા પર્વતમાંથી નીકળે છે ?

૫. શણ ઉત્પન્ન કરતા એક પ્રદેશનું નામ લખો.
૬. ભારતની પ્રમાણસમયરેખા ભારતના કયા મુખ્ય શહેર પર થઈને પસાર થાય છે ?
૭. નીલગીરી પર્વત કયા રાજ્યમાં આવેલો છે ? ૮. સરદાર સરોવર

* * * * *